# ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

## માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ ૨૦૦૫ના અમલીકરણ મેન્યુઅલ

## પ્રકરણ -૨ કલમ -૪/ખ પ્રોએકટીવ ડીસ્કલોઝર(પીએડી)ના ક્રમાંકઃ ૧ થી ૧૭

(૧)પોતાના વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો – નિયમ સંગ્રહ-૧

| | | |
|---|---|---|
| (૧) | નિગમનો ઉદ્દેશ - હેતુ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર ઠાકોર અને કોળી જાતિઓ તેમજ તે પૈકીની જાતિઓ, પેટા જાતિઓ વર્ગોના સામાજિક,શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે રચાયેલું ગુજરાત રાજયનું સરકારી એકમ છે. આ જાતિઓમાં કુરિવાજો,કુટેવો,અંધશ્રદ્ધા દુર થાય,શિક્ષણનો વ્યાપ વધે,આર્થિક સદ્ધરતા ,પ્રાપ્ત કરે અને આત્મનિર્ભર બની સ્વમાનભેર સ્વરોજગારી મેળવી સમાજની અન્ય વિકસીત જાતિઓની હરોળમાં આવી શકે તેવો શુભ આશય છે. |
| (૨) | નિગમનુ મિશન /દુરદેશીપણું (મિશન) | (૧) આર્થિક ઉત્કર્ષની યોજનાઓ દ્વારા સમર્થતા પ્રાપ્તિ.<br>(૨) સામાજિક સમરસતા,કુરિવાજો નાબુદીના અસરકારક કાર્યક્રમો<br>(૩) કન્યા કેળવણીને ઉત્તેજન, શિક્ષણનો સર્વત્ર વ્યાપ<br>(૪) મહિલાઓ માટે ' સ્ત્રી ' સશક્તીકરણ, શિક્ષણનો સર્વત્ર વ્યાપ<br>(૫) સામાજિક ઉત્થાનમાંમહિલાનો અગ્રીમ ફાળો.<br>(૬) રાષ્ટ્રીય કાર્યક્રમો અપનાવવા સમાજની જાગૃતતા.<br>(૭) રાષ્ટ્રીય અર્થતંત્રમાં સપ્રમાણ ભાગીદીરીની સક્રિયતા.<br>(૮) સ્વૈચ્છિક સંસ્થાઓની રચના,સમાજ-સંમેલન-શિબીર દ્વારા સર્વગ્રાહી જાગૃતતા. |
| (૩) | નિગમનો ટુંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ | <u>પૂર્વ ભૂમિકાઃ-</u><br>રાજય સરકાર દ્વારા રચાયેલ બક્ષીકમિશનના અહેવાલ બાદ નિર્દિષ્ટ ૮૨ જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે તેમજ આર્થિક પછાત જાહેર કરવામાં આવેલ તથા આ જાતિઓના સર્વાંગી વિકાસ માટે કમિશન દ્વારા સુચવાયેલ રાજય સરકાર દ્વારા સ્વીકારીને તા.૦૧/૦૪/૧૯૭૮ થી અમલમાં મુકવામાં આવેલ છે.<br>આ ૮૨ જાતિઓમાં ઠાકોર, કોળી તથા તેઓની પેટા જાતિઓ જેવી કે ઘેડીયા કોળી, તળપદા કોળી, ઠાકરડા, બારૈયા, પાટણવાડિયા વગેરે જાતિ વધુ પછાત હોવાનું તથા આ જાતિઓમાં અંધશ્રદ્ધા, કુટેવો, કુરિવાજો વિશેષ હોવાનું જાણતા આ જાતિઓને વિકાસની હરોળમાં લાવવા વિશેષ તક આપવાનો શુભ આશય છે.<br><u>બોર્ડની રચનાઃ-</u><br>ઠાકોર અને કોળી જાતિઓના તમામ સ્તરે સર્વાંગી ઉત્કર્ષના સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા અલગ બોર્ડ બનાવવાનું નકકી થતાં સરકારશ્રીના તા.૧૨/૦૯/૯૭ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૯૬/મ/૧૦૪-અ થી ગુજરાત સમસ્ત ઠાકોર વિકાસ બોર્ડની રચના કરવામાં આવી<br>-બોર્ડની રચના અને કાર્યવાહી દરમ્યાન સરકારશ્રીને આ બોર્ડને વધુ સ્વાયત્તા આપવા તથા પોતાના કાર્યક્રમો અમલમાં મુકે તે હેતુને ધ્યાને લઇ નિગમમાં રૂપાંતર કરવાની જરૂરીયાત જણાતા સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૨૦૦૨/૯૭૧/અ થી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અમલમાં આવ્યું. આ નિગમની ભારતીય કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધણી કરાવેલ છે. આ નિગમ તા.૨૩/૧૦/૨૦03 થી વિધિવત કાર્યરત થયેલ છે.<br>હાલ નિગમમાં ૧ અધ્યક્ષશ્રી, ૧ ઉપાધ્યક્ષશ્રી અને ૬-નિયામકશ્રી સહિત કુલ ૮ બીનસરકારી સભ્યો અને સાત સરકારી સભ્યો મળી <u>કુ૧૫ સભ્યોનું નિયમાક મંડળ બનાવેલ છે. એક બીનસરકારી</u> સભ્યની જગ્યા ખાલી છે. |
| (૪) | નિગમની ફરજો | (૧) વહીવટી અને નાણાંકીય ફરજો અદા કરવી.<br>(૨) નિગમના હેતુઓ બર આવે તેવા કાર્યક્રમો હાથ ધરવા.<br>(૩) ઠાકોર અને કોળી જાતિનું સર્વેક્ષણ કરવું.<br>(૪) તારણો રજુ કરવા અને આનુંસાંગિક પગલાં ભરવા.<br>(૫) સામાજિક સંમેલન, જાગૃતિ શિબિર, મહિલા શિબિરનું આયોજન કરી વિકાસ માટે કાર્યક્રમ ઘડવા.<br>(૬) સરકારી નિર્દિષ્ઠ યોજનાઓ, કાર્યક્રમો સુચનોની અમલવારી. |

<table>
<tr><td></td><td></td><td colspan="3"></td></tr>
<tr><td>(૫)</td><td>નિગમની મુખ્ય પ્રવૃતિઓ/કાર્યો</td><td colspan="3">(૧) વહિવટી અને નાણાંકીય કાર્યો..<br>(૨) નિગમની ત્રિમાસીક, વાર્ષિક બેઠક બોલાવવી.<br>(૩) વહીવટી અહેવાલ નાણાંકીય અહેવાલ તૈયાર કરવા અને સરકારશ્રીમાં રજૂ કરવા.<br>(૪) ઠાકોર અને કોળી જાતિના પ્રશ્નો જાણવા સમજવા અને નિરાકરણ માટેના કાર્યક્રમો ઘડવા.<br>(૫) આર્થિક ઉત્કર્ષ માટે ખાસ યોજનાઓ અમલમાં મુકવી.<br>(૬) રાજય સરકાર અમલીત યોજનાઓનો અમલ કરવો.<br>(૭) આ જાતિઓનું સર્વે પણ કરાવવું.<br>(૮) યોજનાના અમલવારી/પરિણામલક્ષી લાવી મુલ્યાંકન કરાવવું.<br>(૯) સરકાર ધ્વારા સોંપવામાં આવતાં કાર્યો અમલમાં મુકવા.</td></tr>
<tr><td rowspan="4">(૬)</td><td rowspan="4">નિગમ ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ</td><td colspan="3">ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર ધ્વારા નીચે મુજબની સેવાઓ પુરી પાડવામાં આવે છે.</td></tr>
<tr><td>સેવાઓ</td><td>વિવરણ</td><td>વિશેષ નોંધ</td></tr>
<tr><td>આર્થિક ઉત્કર્ષની યોજનાઓ</td><td>રાજ્ય સરકાર /રાષ્ટ્રીય પછાતવર્ગ નાંણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી ધ્વારા અમલીત સીધા ધિરાણની યોજનાઓ.</td><td>આ યોજનાના અમલ માટે રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ સાથે આ નિગમ ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે કામગીરી કરે છે.</td></tr>
<tr><td>(ક) કૃષિ અને આનુષંગિક યોજનાઓ.<br>(ખ) કુટિર ઉદ્યોગ અને નાના વ્યવસાય.<br>(ગ) સેવા આધારિત વ્યવસાય.<br>(ઘ) ન્યુ સ્વર્ણિમાં (મહિલાઓ માટે )<br>(ચ) માઇક્રોફાઇનાન્સ.<br>(જ) શૈક્ષણિક લોન(ઉચ્ચ શિક્ષણ માટે)<br>(ઝ) સ્વયં સક્ષમ યોજના</td><td>માઇક્રોફાઇનાન્સમાં કોઇપણ નાના વ્યવસાય શરૂ કરવા રૂા.૫૦,૦૦૦ સુધીની લોન આપવામાં આવે છે. <u>જનરલ ટર્મ લોનમાં રૂ.૧,૦૦,૦૦૦ સુધી ધીરાણ કરવામાં આવે છે.</u> આ યોજનામાં યુનિટ કોસ્ટના <u>૮૫%</u> રકમ રાષ્ટ્રીય નિગમ <u>તરફથી, ૧૦%</u> રકમ રાજય સરકાર તરફથી અને <u>૫% રકમ લાભાર્થી ફાળો તરીકે</u> અરજદારે ભરવાની હોય છે.. ન્યૂ સ્વર્ણિમા યોજનામાં લાભાર્થી ફાળો લેવાનો હોતો નથી. લોનની પરત ચુકવણીની સમય મર્યાદા પાંચ વર્ષની હોય છે.</td><td><u>ઉદાહરણરૂપ યોજનાઓ</u><br>(૧) દુધાળા ઢોર<br>(૨) કરીયાણાની દુકાન<br>(૩) અનાજ દળવાની ઘંટી<br>(૪) રેડીમેડ ગાર્મેન્ટ<br>(૫) દરજીકામ સુથારીકામ<br>(૬) સાય./ઓટો રીપેરીંગ<br>(૭) મંડપ ડેકોરેશન<br>(૮) કોમ્પ્યુટર જોબવર્ક<br>(૯) ફોટો/વિડીયોગ્રાફી<br>(૧૦) બ્યુટીપાર્લર<br>(૧૧) ઠંડા પીણા/પાર્લર<br>(૧૨) કટલરી સ્ટોર<br>(૧૩) ઇલે.આઇ.રીપેરીંગ</td></tr>
<tr><td>(૭)</td><td>નિગમ અને સહાયક માળખું નીચે મુજબ છે.</td><td colspan="3">અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ અને નિયમાક મંડળ<br>↓<br>વહીવટી સંચાલક<br>↓<br>યોજનાના અમલીકરણમાં સહાયક અધિકારીઓ જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) (તમામ જિલ્લાઓ)<br>સમાજ કલ્યાણ અધિકારી(નિગમ)<br>↓<br>અધિક્ષક (મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી)<br>જુ.કલાર્ક</td></tr>
<tr><td>(૮)</td><td>નિગમની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ.</td><td colspan="3">(૧) નિગમ નાગરીકો પાસેથી સૌજન્યપુર્ણ અભિગમની અપેક્ષા રાખે છે.<br>(૨) મુલાકાત સમયે કાયદાનો ચુસ્ત પાલન<br>(૩) અધિકારી /કર્મચારી સાથે સહકારી ભર્યુ વલણ.<br>(૪) મુદ્દાસર અને ચોક્કસ રજુઆત .<br>(૫) સર્વાંગી હકારાત્મક અભિગમ આપની રજુઆતો સબબ આપશે.</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | | (૬) બિનજરૂરી-બિન ઉત્પાદકીય બાબતોમા સમયનો બગાડ અનિચ્છનીય.<br>(૭) સમય મર્યાદા અને તેમના નિયમોનું પાલન આવશ્યક .<br>(૮) ઉપયોગી સલાહ -સુચન તેમની કાર્યક્ષમતા વધારશે<br>(૯) સુસંસ્કૃત નાગરિક તરીકે સૌંદર્ય પૂર્ણ વાણી -વર્તન<br>(૧૦) પ્રેરણારૂપ સહકાર તંત્રનો પ્રાણવાયુ બનશે. | |
| (૯) | લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પદ્ધતીઓ | **લોક સહયોગની પદ્ધતિઓ:-**<br>(૧) સમાજ સંમેલન-જાગૃતિ શિબિર.<br>(૨) શૈક્ષણિક સેમીનારનું આયોજન.<br>(૩) સમાજના આગેવાન શિક્ષિત પ્રબુદ્ધ નાગરિકો સાથે ચર્ચા વિચારણા-કાર્યશિબિર.<br>(૪) બિનસરકારી સંસ્થાઓની સકારાત્મક ભાગીદારી<br>(૫) જાહેર એકમો, સંસ્થાઓ દ્વારા લોકોના સ્વાસ્થય સંબંધી જાણકારીના કેમ્પ.<br>(૬) તંત્રની સંપૂર્ણ જાણકારી-માહિતી માટે પ્રચારાર્થે પુસ્તિકાચાર્ટ-ચિત્રો મોડેલ વિગેરેનું પ્રદર્શન-વિતરણ.<br>(૭) તંત્રની તમામ પ્રવૃત્તિઓમાં પારદર્શકતા.<br>(૮) સકારાત્મક અભિગમ સાથે ઉત્કર્ષ અંગેની ખેવના. | |
| (૧૦) | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર. | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટેનુ તંત્ર<br>માહિતિ મેળવવાના અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે માહિતી મેળવી શકાય છે. | |
| | | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર | તંત્ર-(૧)અધ્યક્ષશ્રી અને નિયામક મંડળ<br>૧. વહીવટી સંચાલકશ્રી<br>અ.સમાજ કલ્યાણ અધિકારી અને કર્મચારીગણ.<br>૨. જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(તમામ જિલ્લા) તથા નિયંત્રણ હેઠળના કર્મચારીગણ.<br>અ.સમાજ કલ્યાણ નિરીક્ષક-તાલુકા પંચાયત કચેરી. |
| (૧૧) | કચેરી શરૂ થવાનો સમય<br>કચેરી બંધ થવાનો સમય | સવારના ૧૦:૩૦ કલાકથી<br>સાંજના ૬:૧૦ કલાક (આ સમય જાહેર રજાના દિવસો સિવાયનો છે.) | |